# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરના યાર્ન એક્ષ્પોમાં ૪૦૦ કરોડનો બિઝનેસ, ૨૫ હજારથી વધુ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા યાર્ન એક્ષ્પો ૨૦૧૯માં એકઝીબીટર્સને આશરે ૪૦૦ કરોડનો બિઝનેસ મળ્યો હતો. મેઘરાજાએ આજે એક દિવસનો વિરામ લેતા અધધધ કહી શકાય એમ ૧૪૫૦૦ જેટલા બાયર્સે મુલાકાત લેતા ત્રણ દિવસ દરમિયાન ૨૫ હજારથી વધુ બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. એકઝીબીટર્સને સારો બિઝનેસ મળતા આગામી વર્ષમાં પણ યાર્ન એક્ષ્પોમાં રજિસ્ટ્રેશન માટે અત્યારથી જ તૈયારી દર્શાવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે ત્રણ દિવસ દરમિયાન આંધ્રપ્રદેશ, ભીવંડી, ઇચ્છલકરંજી, તિરૂપુર, લુધિયાના, મુંબઇ, બેલગામ, બનેટી, હૈદરાબાદ, ગુવાહાટી – આસામ, સેલમ, ચિતોડ, દિલ્હી, ઉલ્હાસનગર, ભીલવાડા, માલેગાવ, સુરત અને અમદાવાદથી ખૂબ જ મોટી સંખ્યામાં બાયર્સ પ્રદર્શનમાં ઉમટી પડયા હતા. આ ઉપરાંત ઇરાન અને ચાઇનાના બાયર્સે પણ પ્રદર્શનની મુલાકાત લેતા એકઝીબીટર્સને સારા એવા ઓર્ડર મળી રહયા હતા.

એકઝીબીશન સેલના વડા શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, મેઘરાજાએ આજે બ્રેક મારતા એકજ દિવસમાં ૧૪૫૦૦ જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આથી આજે પ્રદર્શનનો સમય પણ એક કલાક માટે લંબાવી દેવામાં આવ્યો હતો અને સાંજે સાત વાગ્યા સુધી પ્રદર્શનને ખુલ્લુ રાખવામાં આવ્યુ હતુ. વરસાદની

વચ્ચે પણ પ્રથમ દિવસે ૩૦૦૦ અને બીજા દિવસે ૮૫૦૦ જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આમ ત્રણ દિવસ દરમિયાન ૨૫ હજાર જેટલા બાયર્સે પ્રદર્શનની વિઝીટ કરી બિઝનેસ મેળવ્યો હતો.

યાર્ન એક્ષ્પો ૨૦૧૯ના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, વિશ્વમાં ફેન્સી યાર્નની જે ડિમાન્ડ વધી છે એ તમામ યાર્ન આ એક્ષ્પોમાં પ્રદર્શિત કરવામાં આવ્યુ હતુ. આથી બાયર્સને યાર્ન એક્ષ્પોમાં એકજ સ્થળે તમામ પ્રકારના યાર્ન મળી રહયા હતા. આ પ્રદર્શનમાં જુદા–જુદા એકઝીબીટર્સ દ્વારા પોલીસ્ટર, નાયલોન, કોટન વુલ, વિસ્કોસ, એર ટેકચ્યુરાઇઝ, ફેન્સી, સ્પેન્ડેકસ, કેટોનીક, મેઝ, જરી લુક, એક્રેલીક, મોડાલ, બાંબુ, રિસાઇકલ પોલીસ્ટર યાર્ન, સ્પોર્ટ્સ વીયર યાર્ન, મોઇશ્ચ્યુર મેનેજમેન્ટ, ફિલામેન્ટ અને રેટ્રાર્ડેટ યાર્નની શ્રૃંખલાઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ત્રણ દિવસ દરમિયાન ૧૦૦ જેટલા એકઝીબીટર્સ મળી આશરે ૪૦૦ કરોડનો બિઝનેસ થયો હતો.